દાખલ તારીખઃ– ૦૬/૦૩/૨૦૨૬
રજી.તારીખઃ– ૦૬/૦૩/૨૦૨૬
ફેસલ તારીખઃ– ૧૨/૦૩/૨૦૨૬
સમય ગાળોઃ– વર્ષ માસ દીવસ

**રાજકોટ જીલ્લાના મહે. ૭ માં એડીશ્નલ સેશન્સ જજ સાહેબશ્રીની અદાલતમાં, મુકામઃ જેતપુર.**

**ફોજ. પર. અરજી નં. ૯૦/૨૦૨૬**
**આંકઃ–**

**(૧) હર્ષદભાઈ હેમરાજભાઈ દેસાઈ**
**ઉ.આ.વ. ૪૦, ધંધોઃ મજૂરી,**
**રહે. મોનાર્ક–૧,**
**રાયજીબાગ સોસાયટી, જૂનાગઢ.......................અરજદાર.**
**(હાલઃ સબજેલ, જેતપુર)**

**વિરૂદ્ધ**

**ધી સ્ટેટ ઓફ ગુજરાત**
**થ્રૃ એ.જી.પી.શ્રી, જેતપુર............................સામાવાળા.**

**બાબતઃ– બી.એન.એસ.એસ. કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી**

**અરજદાર તરફે વિ. વ. શ્રી બી. પી. ત્રિવેદી.**
**સામાવાળા શ્રી સરકાર તરફે વિ. એડી. પી. પી. શ્રી કે. એ. પંડ્યા.**

**ઠ રા વ**

**(૧)** અરજદારે હાલની અરજી બી.એન.એસ.એસ. કલમ–૪૮૩ મુજબ રજૂ કરી વિરપુર પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૩૦૦૧૨૫૦૪૭૭/૨૦૨૫ થી બી.એન.એસ. કલમ–૩૧૭(૪), ૩૧૮(૪), ૬૧(૨), ૫૪ મુજબના ગુનાના કામે અરજીમાં જણાવેલ જુદા જુદા કારણોને લક્ષમાં રાખી રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

**(૨)** અરજદારની અરજી તેમજ બંન્ને પક્ષકારોના વિ. વ. શ્રીઓની મૌખિક દલીલો સાંભળવામાં આવી તથા ત. ક. અમલદારશ્રીએ રજૂ રાખેલ અહેવાલ ધ્યાને લીધો.

**(૩)** અરજદારનાં વિ. વ. શ્રીએ જણાવેલ છે કે, અરજદાર નિર્દોષ છે. અરજદારે ચાર્જ અન્વયેનો કોઈ ગુનો કરેલ નથી અને ફરિયાદ જોતાં પણ

લેશમાત્ર પુરાવો નથી કે અરજદારને સીધી કે આડકતરી રીતે સાંકળી શકાય તેવો કોઈ પુરાવો નથી. અરજદારે કોઈ સાથે સાયબર ફ્રોડ કરેલ નથી કે સાયબર ફ્રોડનાં કોઈ નાણાં ટ્રાન્સફર કરેલ નથી કે કોઈ એજન્ટો રાખેલ નથી અને કોઈ નાણાં સગેવગે કરેલ નથી અરજદારને ખોટી રીતે સંડોવી દેવામાં આવેલ છે, અરજદારનાં શિરે કુટુંબની તમામ જવાબદારી છે. અરજદારનું નામ અન્ય સહઆરોપીનાં નિવેદનનાં આધારે ખુલેલ છે. સમગ્ર એફ.આઈ.આર. ધ્યાને લેતાં અરજદારનું ક્યાંય નામ જણાવવામાં આવેલ નથી તેમજ અરજદારનો કોઈ રોલ નથી. વધુમાં અરજદાર સામેની તમામ તપાસ પૂર્ણ થઈ ગયેલ છે અને નામદાર કોર્ટમાં ફોજ. કેસ નં. ૫૩૯/૨૦૨૬ થી રજૂ છે. ટ્રાયલ ચાલતા લાંબો સમય પસાર થાય તેમ હોઈ તેમજ વિ. જે.એમ.એફ.સી. ટ્રાયેબલ ગુનો છે. વધુમાં અરજદાર જૂનાગઢનાં રહેવાસી છે, ક્યાંય નાસી ભાગી જાય તેમ નથી તેમજ આરોપી નામદાર અદાલત ફરમાવે તે તમામ શરતોનું પાલન કરવા ખુશી અને તૈયાર છે વિગેરે હકીકતો જણાવી અરજદાર/આરોપીને ચાર્જશીટના ગ્રાઉન્ડ ઉપર જામીનમુકત કરવા વિનંતી કરેલ છે.

(૪) આ અદાલત દ્વારા સામાવાળાને નોટીસ કાઢવામાં આવતા, શ્રી સરકાર તરફે વિ. એડી. પી. પી. શ્રી કે. એ. પંડયા હાજર થયેલ છે, તેઓએ જણાવેલ છે કે, હાલનાં અરજદાર સામે આવા પ્રકારનાં અન્ય એક ગુનો જેતપુર સિટી પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૩૦૨૨૨૫૦૭૭૫/૨૦૨૫ થી બી.એન.એસ. કલમ-૩૧૬(૫), ૩૧૮(૪), ૬૧(૨), ૫૪, ૩૧૭(૨) મુજબનો નોંધાયેલ છે જેમાં ફ્રોડની રકમ રૂા. ૯૪,૮૯,૦૭૭/- જેટલી છે જે હકીકત પણ ધ્યાને લેતાં અરજદાર વારંવાર આવા પ્રકારનાં ગુના કરવાની ટેવવાળા છે. હાલનાં કામે જુદા જુદા રાજ્યોમાંથી સાયબર ફ્રોડ દ્વારાં મેળવાયેલી મોટી રકમો આ રીતે એજન્ટો મારફતે એજન્ટોને તેમજ ખાતા ધારકોને કમિશનો આપી તેઓનાં ખાતામાંથી સદરહુ રકમો ટ્રાન્સફર કરવામાં આવે છે અને આંતરરાષ્ટ્રિય સ્તરે આવા નેટવર્ક સક્રિય છે અને જો આવા પ્રકારનાં આરોપીને જામીન ઉપર મુક્ત કરવામાં આવશે તો ફરીથી આવા પ્રકારનાં ગુના આચરશે જેથી જામીન પર મુકત નહીં કરવા વિનંતી કરેલ છે.

(૫) અરજદારની જામીન અરજી, દલીલો, પોલીસ પેપર્સ તેમજ

અરજદારો તરફે કરવામાં આવેલ રજૂઆત તેમજ તપાસ કરનાર અધિકારીએ રજૂ રાખેલ અહેવાલ વંચાણે લેવામાં આવેલ છે.

વધુમાં અરજદાર સામેની ફરિયાદની હકીકત ધ્યાને લેવામાં આવે તો હાલનાં કામે ફરિયાદીને મળેલ માહિતીના આધારે બેન્ક ખાતેદારોનાં ખાતામાં સાયબર ફ્રોડથી મેળવેલ રકમ જમા કરાવી તેવી રકમો ખાતેદારોનાં ખાતામાંથી ઉપાડી હેરફેર કરવામાં આવે છે તેવી માહિતીનાં આધારે પોલીસ દ્ધારાં તપાસ કરવામાં આવતાં તેમજ નિવેદનો લેવામાં આવતાં હાલનાં કામે હાલનાં આરોપી તથા અન્ય આરોપી કેવલ જેન્તીભાઈ સીતાપરા દ્ધારાં એકબીજા સાથે મેળાપીપણું કરી પૂર્વ આયોજીત ગુનાહિત કાવતરૂ રચી, અલગ અલગ વ્યક્તિઓ પાસેથી છળકપટ તથા બદદાનતથી સાયબર ફ્રોડથી મેળવેલ નાણાં સગેવગે કરવા માટે અન્ય આરોપી હરીશ રમેશભાઈ વાગડીયા તથા અન્ય આરોપીઓને આર્થિક લાભ આપવાની લાલચ આપી, હરીશ રમેશભાઈ વાગડીયાનાં બેન્ક એકાઉન્ટમાં સાયબર ફ્રોડની રકમ જમા કરાવી, કુલ રૂા. ૧૦,૧૧,૬૭૯/– ચેક/એ.ટી.એમ./ ઓનલાઈન ટ્રાન્સફરથી વિથડ્રો કરી, કેશ મેળવી, સાયબર ફ્રોડનાં નાણાં સગેવગે કરી, દલાલી સ્વરૂપે રૂા. ૧૦,૦૦૦/– મેળવેલ હોવાની ફરિયાદ આપવામાં આવેલ છે.

વધુમાં આરોપી સામે બી.એન.એસ. કલમ–૩૧૭(૪), ૩૧૮(૪), ૬૧(૨), ૫૪ મુજબનો ગુનો નોંધાયેલ છે. વધુમાં હાલનાં કામે રજૂ થયેલ સોગંદનામું તથા એફ.આઈ.આર. ધ્યાને લેતાં હાલનાં આરોપી તથા અન્ય આરોપી કેવલ જેન્તીભાઈ સીતાપરા દ્ધારાં જ અન્ય આરોપીઓનાં એકાઉન્ટ મેળવવામાં આવેલ છે અને તેમાંથી પૈસા ઉપાડીને સગેવગે કરવામાં આવેલ છે તેવું જણાઈ આવે છે તે હકીકત ધ્યાને લેતાં હાલનાં આરોપી દ્ધારાં તેઓ સદરહુ રકમ સાયબર ફ્રોડની હોવાનું જાણતાં હોવા છતાં અન્ય આરોપીઓનાં એકાઉન્ટ મેળવી અને સદરહુ રકમ તેમાં જમા કરાવી સદરહુ રકમ તેમનાં દ્ધારાં મેળવી સગેવગે કરવામાં આવેલ છે તેમજ હાલનાં આરોપી વિરૂદ્ધ જેતપુર સિટી પો. સ્ટે. ગુ. ર. નં. ૧૧૨૧૩૦૨૨૨૫૦૭૭૫/૨૦૨૫ થી બી.એન.એસ. કલમ–૩૧૬(૫), ૩૧૮(૪), ૬૧(૨), ૫૪, ૩૧૭(૨) મુજબનો નોંધાયેલ છે જેમાં ફ્રોડની રકમ રૂા. ૯૪,૮૯,૦૭૭/– જેટલી છે અને સદરહુ ફરિયાદમાં પણ આરોપીનો હાલનાં રોલ જેવો જ રોલ છે એટલે કે

અરજદાર/આરોપી વારંવાર આવા પ્રકારનાં ગુના કરવાની ટેવવાળા હોવાનું રેકર્ડ જોતાં જણાઈ આવે છે. વધુમાં અરજદારનાં વિ. વ. શ્રીની રજૂઆત છે કે, અરજદાર સામેની તપાસ પૂર્ણ થઈ ચાર્જશીટ થઈ ગયેલ છે જેનો ફોજ. કેસ. નં. ૫૩૯/૨૦૨૬ નો નામદાર કોર્ટમાં પડેલ છે અને હવે કોઈ તપાસ કરવાની બાકી રહેતી નથી, પરંતુ ઉપરોક્ત હકીકતે નામદાર સુપ્રિમકોર્ટે **વિરૂપક્ષપ્પા ગૌડા અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ કર્ણાટક અને બીજાઓનાં** ચૂકાદામાં કરેલ અવલોકન ધ્યાને લેતાં માત્ર તપાસના અંતે આરોપી વિરૂદ્ધ ચાર્જશીટ થઈ ગયેલ છે તેટલા માત્ર કારણથી કેસના સંજોગો બદલાયેલ છે તેવું અનુમાન કરી શકાય નહીં તેવું ઠરાવેલ છે તે હકીકત પણ ધ્યાને લેતાં હાલનાં કામે વિ. વ. શ્રી માત્ર કેસની તપાસ પૂર્ણ થયા સિવાય કેસના સંજોગોમાં કોઈ ફેરફાર થયેલ છે તેવી કોઈ હકીકત રેકર્ડ ઉપર લાવી શકેલ નથી તે હકીકત પણ ધ્યાને લેતાં અરજદાર/આરોપીએ ગુનાના કામે ભજવેલ ભૂમિકા ધ્યાને લેતાં હાલના અરજદાર/આરોપીને જામીનમુકત કરવા યોગ્ય જણાઈ આવતું નથી તે સંજોગોમાં ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**હુ ક મ**

**(૧)** આ કામનાં અરજદાર/આરોપી **હર્ષદભાઈ હેમરાજભાઈ દેસાઈની** બી.એન.એસ.એસ. કલમ-૪૮૩ અન્વયેની રેગ્યુલર જામીન અરજી આથી **ના-મંજૂર** કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ **તા. ૧૨, માહે-માર્ચ, સને-૨૦૨૬** નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

**તારીખઃ ૧૨/૦૩/૨૦૨૬**
**મુકામઃ જેતપુર.**

**( રાજેશ સુરેશચંદ્ર પુરાણી )**
**૭ માં એડિશ્નલ સેશન્સ જજ,**
**જેતપુર, જિ. રાજકોટ**
(Code No.GJ00727)